# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: જાગૃતિ વકીલ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૧૮-૦૭-૨૦૨૪ ગુરુવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## સીએમ-શ્રમિક બસેરા યોજના

રાજ્ય સરકારે આજે શ્રમિકો માટે શ્રમિક બસેરા યોજનાનો પ્રારંભ કર્યો છે. અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બસેરાનું ખાતમહૂર્ત કર્યું .. આ યોજના અંતર્ગત આગામી ત્રણ વર્ષમાં રાજ્યના 3 લાખ શ્રમિકોને આવાસ આપવાનો લક્ષ્યાંક છે.

આ યોજના હેઠળ પ્રતિદિન પ્રતિ વ્યક્તિ 5 રૂપિયાની નજીવી કિંમતે બાંધકામ શ્રમિક તથા તેમના પરિવારને આશ્રય આપવામા આવશે. જેમાં 6 વર્ષથી નાની ઉંમરના બાળકોને વિના મૂલ્યે આવાસ ફાળવવામાં આવશે. શ્રમિકો માટે રાજ્યના ત્રણ મોટા શહેરોમાં 15 હજાર હંગામી આવાસ બનાવાવામાં આવશે. આ આવાસોમાં શ્રમિકોને સ્વચ્છ પાણી, વીજળી અને શૌચાલયની સુવિધાઓ આપવામાં આવશે.. આ ઉપરાંત આ આવસોમાં રહેતા શ્રમિક પરિવારોને સુરક્ષા અને મેડિકલ સુવિધા પણ આપવાનો પ્રયાસ કરાશે.

- (RNU અમદાવાદ)

---

## ચાંદીપુર વાયરસ-રાજ્ય-કચ્છ

રાજ્યભરમાં ચાંદીપુરા વાઇરસથી સંક્રમિત દર્દીઓના કેસમાં દિવસેને દિવસે ઉછાળો આવી રહ્યો છે. રાજ્યભરમાં ચાંદીપુરા વાઇરસના કુલ કેસની સંખ્યા વધીને 35 થઈ છે. મૃત્યુઆંક વધીને 21 થયો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં ચાંદી પુરમ વાયરસ ની સ્થિતિ અને રોગચાળા નિયંત્રણ અંગેના પગલાંઓની સમીક્ષા કરી હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ બેઠકમાં મુખ્યમંત્રીએ રાજ્યના મ્યુનિસિપલ કમિશ્નર, જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરીને તેમના જિલ્લાની કામગીરીની વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીએ જિલ્લાઓમાં રોગ અટકાયત માટે મેલેથીયન પાવડર દ્વારા ડસ્ટિંગ માટેની ડ્રાઈવ હાથ ધરવા તેમજ કોઈ પણ તાવના કિસ્સામાં તુરંત જ સઘન સારવાર અપાય તે બાબત સુનિશ્ચિત કરવા માર્ગદર્શન આપ્યું હતું.

વાઇરસનાં સેમ્પલ ટેસ્ટિંગ અંગે રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે ચાંદીપુરા વાઇરસનાં સેમ્પલનું ટેસ્ટિંગ હવે ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરમાં થશે. સેમ્પલને પુણે મોકલવાં નહીં પડે અને ગાંધીનગરમાં જ ટેસ્ટિંગ થઈ જશે.

કચ્છ જીલ્લામાં હાલમાં કોઈ ચિંતાજનક સ્થિતિ નથી અને કેસ પણ જોવા મળ્યો નથી . વાયરસને લઈને કચ્છ જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સ હાથ ધરાયું છે.

- (RNU અમદાવાદ, જાગૃતિ વકીલ)

---

## વરસાદ

ગુજરાત પર સર્જાયેલ ૩ સક્રિય સિસ્ટમને કારણે હવામાન વીભાગ દ્વારા કરાયેલ આગાહી મુજબ રાજ્યમાં આજે સવારથી 40 જેટલા તાલુકાઓમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. જૂનાગઢના વંથલીમાં, પોરબંદર, અને ધોરાજીના હડમતિયા ભારે વરસાદ નોંધાયો છે..

તો, હવામાન વિભાગે રાજ્યની સાથે કચ્છમાં પણ હજુ ત્રણ દિવસ હળવોથી મધ્યમ તો કેટલાક સ્થળે ભારે વરસાદની આગાહી કરી છે. આ આગાહીની વચ્ચે જિલ્લામાં સવારથી ભારે ઉકળાટ બાદ ભુજ સહીત તાલુકાઓમાં ગાજવીજ સાથે વરસાદનું આગમન થયું છે.

દરમિયાન જિલ્લા કંટ્રોલ રૂમ ખાતેથી મળતી વરસાદની આંકડાકીય વિગતો મુજબ આજે ભુજમાં ૧૯ મીમી, અબડાસા ૧૬, નખત્રાણા ૯, લખપત ૧૨ મીમી, માંડવીમાં ૨, જયારે મુન્દ્રામાં ૧ મીલીમીટર વરસાદ થયો છે.

- (જાગૃતિ વકીલ)

---

## ગાંધીધામ-જળ સંગ્રહ મેળો

આવનારી પેઢીને જળ સંકટનો સામનો કરવો ન પડે તે ઉદ્દેશ્ય સાથે ગાંધીધામ ચેમ્બર ધ્વારા સેપ્ટ યુનિવર્સિટી- અમદાવાદ તેમજ નગરપાલિકા અને ગ્રામ પંચાયતોને સાથે રાખી ગાંધીધામ ખાતે આગામી તા. 20 અને 21 જુલાઇના બે દિવસીય જળ સંરક્ષણ અને જલ સંગ્રહ મેળાનું આયોજન કરાયું છે.

આ જાહેર જાગૃતિ અભિયાન દ્વારા લોકોને તળાવ , ચેકડેમ, ભૂગર્ભ જળ , રિચાર્જ કૂવાઓ જેવી જળસંગ્રહ સુવિધાઓના નિર્માણથી માર્ગદર્શિત કરાશે. ઉપરાંત, દેશના નામાંકિત સંસ્થાઓ દ્વારા 12 જેટલા સ્ટોલ ઉભા કરાશે , જેથી સ્થળ પર જ જીવંત માહિતી મેળવી શકાય તેમજ પ્રદર્શની અને જનજાગૃતિ રૂપે ભજવવામાં આવનાર નુક્કડ નાટિકાથી ઘર-ઘર સુધી એક સકારાત્મક સંદેશ પહોચાડવામાં આવશે . સંસ્થા દ્વારા બહોળી સંખ્યામાં લોકો તેનો લાભ ઉઠાવવા અનુરોધ કરાયો છે.

- (સ્થાનિક સમાચારપત્ર, જાગૃતિ વકીલ)

---

## જીલ્લા સહકારી મંડળી:

જિલ્લાની તમામ સહકારી મંડળીઓને રજિસ્ટ્રાર ,સહકારી મંડળીઓ , ગુજરાત રાજ્ય,ગાંધીનગરના પરિપત્ર મુજબ સહકારના સાત સિદ્ધાંતો પૈકી ‘સહકારી મંડળીઓમાં સહકાર” ના સિદ્ધાંત મુજબ સહકારી મંડળીઓનો વિકાસ થાય અને તેનો લાભ સહકારી મંડળીઓના સભાસદો અને સામાન્ય લોકોને થાય તે માટે ભારત સરકારના સહકાર મંત્રાલય અને ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલા પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત તમામ સહકારી મંડળીઓના બેંક ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ખોલાવવાના રહેશે.

જેથી જિલ્લાની તમામ સહકારી મંડળીઓ/ બજાર સમિતિઓને સૂચિત કરવામાં આવે છે કે આપની સંસ્થાનું બેંક ખાતુ શ્રી કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.માં જ ખોલાવવાનું રહેશે તેમજ જો અન્ય બેંક ખાતાઓ હોય તો તે પણ શ્રી કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.માં ટ્રાન્સફર કરાવવાના રહેશે.

- (મા.ખા., ભુજ)

---

## ક્રિકેટ

મહિલા એશિયા કપ T-20 ટૂર્નામેન્ટ આવતીકાલથી શ્રીલંકાના દામ્બુલામાં શરૂ થશે.

- (RNU અમદાવાદ)

---